# કેદારનાથ : પ્રાચીન ઊર્જા કેન્દ્ર

**માધવ મલ્હાર**
તપન ત્રિવેદી

યાત્રા ધામની યાત્રામાં કેદારનાથની યાત્રા મહત્ત્વની છે. ત્યારે પ્રશ્ન થાય છે કે લોકો કેદારનાથ જવા માટે આટલા ઉત્સુક કેમ હોય છે?

હમણાં થોડા દિવસ પહેલાં સોશિયલ મીડિયા પર કેદારનાથ અંગેનું થોડુંક લખાણ વાંચવા મળ્યું. જેમાં કેદારનાથની ગૂઢ શક્તિ અને દિવ્યતાની સ્વાનુભવ સહિત રજૂઆત કરવામાં આવી હતી. જે શ્રદ્ધાળુઓની જાણ ખાતર અત્રે પ્રસ્તુત કરી છે.

ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના સંશોધનની કેટલીક હકીકતોનો એમાં સમાવેશ થાય છે. એ સંશોધનના આધારે એમાંથી ભૂરો પ્રકાશ છે એ તેનું રહસ્ય છે. ઉપરાંત ઈ.સ. ૨૦૧૩ માં કેદારનાથ ડૂબી ગયું પણ શિવલિંગ અચળ રહ્યું હતું. ઈ.સ. ૨૦૧૩ ના જૂનમાં કેદારનાથમાં વાદળ ફાટ્યું, મંદાકિની નદીમાંમાં સુનામી આવ્યું. દસ હજાર લોકોનાં મોત થયાં હતાં. આખું કેદારનાથ શહેર ધોવાઈ ગયું હતું પણ ચમત્કાર તો જુઓ, કેદારનાથ શિવાલયને ઊની આંચ પણ આવી નહોતી. કલાકના ચારસો કિલોમીટરની ઝડપે આવતા પથ્થરોનાં પૂર વચ્ચે પણ એક હજાર વર્ષ જૂનું મંદિર અડીખમ હતું.

શા માટે? કારણ કે મંદિરની પાછળ એક વિશાળ વીસ ફૂટ લાંબી અને સાંઠ ફૂટ પહોળી એક શિલા આવીને અટકી ગઈ હતી. તેણે ઢાલ બનીને મંદિરનું રક્ષણ કર્યું હતું.

વૈજ્ઞાનિકોએ કહ્યું : ''આ તો એક સંયોગ છે.''

ભક્તોએ કહ્યું : ના, આ તો ભીમ શિલા છે. તે મહાદેવે મોકલી હતી પણ એનું મૂળ રહસ્ય તો એ દુર્ઘટનાનાં દસ વર્ષ પછી ઈ.સ. ૨૦૨૩ માં પ્રગટ થયું.

ડી. આર. ડી. ઓ. નું સંશોધન હતું કે શિવલિંગમાંથી કિરણોત્સર્ગ નીકળ્યા. ૨૦૨૩ના મે મહિનામાં ચારધામ યાત્રા શરૂ થઈ. ડી. આર. ડી. ઓ. અને ઈસરોની એક ટીમ કેદારનાથમાં 'હિમાલય ઊર્જા અભ્યાસ' કરી રહી હતી. તેઓએ મંદિરમાંથી કિરણોત્સર્ગ માપવા માટે મંદિરમાંથી કેટલાક નમૂના લીધા. ગીગર કાઉન્ટર લીધું. અર્થાત્ એક પ્રકારનું એ મશીન હતું. ગર્ભગૃહમાં પ્રવેશતાં જ મશીન બીપ... બીપ... બીપ... બીપ કરવા લાગ્યું.

સામાન્ય કિરણોત્સર્ગ પ્રતિ કલાક ૦.૧ માઈક્રોસિવર્ટ હતું. શિવલિંગની નજીક પ્રતિ કલાક ૭.૮ માઈક્રોસિવર્ટ એટલે ૭૮ ગણું વધુ હતું. સૌથી ચોંકાવનારી વાત તો એ હતી કે રાત્રે બારથી ત્રણ વાગ્યાની વચ્ચે કિરણોત્સર્ગ ૧૫ માઈક્રોસિવર્ટ સુધી પહોંચી જતું હતું અને એ જ વખતે શિવલિંગમાંથી લીલા-સોનેરી પ્રકાશનાં પાતળાં કિરણો નીકળ્યાં, જે નરી આંખે જોઈ શકાતાં હતાં. જાણે શિવલિંગ શ્વાસ લઈ રહ્યું હોય.

ટીમ લીડર ડૉ. વિક્રમ રાઠોડે એનો ફોટો પાડ્યો. કેમેરામાં કંઈ આવ્યું નહીં. પ્રકાશ માત્ર માનવીય આંખોથી દેખાતો હતો. ડિજિટલ સેન્સરમાં નહીં.


સરકારે આ અહેવાલ દબાવી દીધો 'લોકો ડરી જશે. યાત્રા બંધ થઈ જશે.' પરંતુ એક જુનિયર વૈજ્ઞાનિક અનન્યા શર્માએ છૂપી રીતે શિવલિંગને અર્પણ કરાયેલા પાણીનો નમૂનો લીધો. અનન્યાની શોધમાં એ પાણી 'તીર્થયાત્રા' નહીં પણ બળતણ હોવાનું જણાવ્યું. દિલ્હી આઈઆઈટી લેબમાં અનન્યાએ એ પાણીનું નિરીક્ષણ કર્યું. પરિણામો આશ્ચર્યજનક હતાં.

૧. ટ્રીટિયમ એચ-૩: પાણીમાં કિરણોત્સર્ગી હાઈડ્રોજન. પરમાણુ સંમિશ્રણ માટે બળતણ. ટ્રીટિયમનું ૧ લિટર = ૮ મિલિયન લિટર પેટ્રોલની સમકક્ષ ઊર્જા.

૨. મોનોએટોમિક સોનુંઃ સોનાનું એક એવું સ્વરૂપ જે ઓરડાના તાપમાન પર સુપર કંડક્ટર બને છે. ઈજીપ્તના પિરામિડમાંથી પણ જોવા મળે છે.

૩. ઓર્મસ તત્ત્વઃ ભ્રમણકક્ષામાં ફરીથી ગોઠવાયેલાં પરમાણુ તત્ત્વો. વૈજ્ઞાનિક માને છે કે તે ડીએનએનું સમારકામ કરી શકે છે અને આયુષ્ય વધારી શકે છે. અનન્યા સમજી ગઈ કે કેદારનાથનું પાણી સાધારણ નથી. શિવલિંગ માત્ર પથ્થર નથી. તે પ્રાચીન પરમાણુ ઊર્જા કેન્દ્ર છે.

રાત્રે બારથી ત્રણ વાગ્યાની વચ્ચે જે પ્રકાશ નીકળે છે તે ચેરેનકોવ રેડીએશન છે જે પરમાણુ રીએક્ટરના મુખ્ય ભાગમાં જોવામાં આવે છે! પરંતુ પ્રશ્ન એ છે કે એક હજાર વર્ષ પહેલાં, બાર હજાર ફૂટની ઊંચાઈએ આ ટેકનોલોજી



કોણે બનાવી?

રાવળજીની ડાયરીમાં ચારસો વર્ષ પહેલાંનું રહસ્ય છુપાયેલું હતું. અનન્યા કેદારનાથ પાછી ગઈ. તે મંદિરના મુખ્ય પૂજારી રાવળ ભીમાશંકર સિંગને મળી. ૮૫ વર્ષના હતા અને ૧૯૪૭ થી પૂજા કરી રહ્યા હતા.

અનન્યાએ તેમને પૂછ્યુંઃ ''રાવળજી, મને સાચું કહો આ પ્રકાશ શું છે?''

રાવળજી હસ્યા. તેમણે કહ્યુંઃ ''બેટા, તું પહેલી વૈજ્ઞાનિક નથી. નહેરૂજી પણ ૧૯૫૨માં અહીં આવ્યા હતા પણ કેટલાંક રહસ્યો પુસ્તકમાં નહીં, પરંપરાગત રીતે મળે છે. તેમણે ચારસો વર્ષ પહેલાંની તાંબાની ઢાળવાળી ડાયરી કાઢી. તે તેમના પરદાદાએ લખેલી હતી. ડાયરીમાં લખ્યું હતુંઃ કળિયુગના પાંચ હજાર વર્ષ પછી જ્યારે આકાશમાંથી અગ્નિનો વરસાદ થશે ત્યારે કેદારનાથ જાગશે. શિવલિંગમાંથી ભૂરો પ્રકાશ નીકળશે.

તે કોઈ પ્રકાશ નથી. તે મહાદેવનું ત્રીજું નેત્ર છે. જે કોઈ પાપી જોશે તે ભસ્મ થઈ જશે. જે કોઈ ભક્ત જોશે તે અમર થઈ જશે. આ શિવલિંગ સ્વયંભૂ નથી. તેનું નિર્માણ પાંડવોએ કર્યું હતું. અર્જુને પોતાના ગાંડીવથી વજ્રશિખાને કાપી. ભીમ નાગલોકમાંથી પારો લાવ્યો. નકુલ અને સહદેવે સોમરસ રેડ્યો. યુધિષ્ઠિરે વેદ મંત્રોચ્ચાર કર્યા. તેમાં ૩૬ દિવસ લાગ્યા. તેનો ઉદ્દેશ હતો કે જ્યારે કળિયુગમાં ધર્મનો હ્રાસ થશે ત્યારે આ ઊર્જા કેન્દ્ર માનવતાનું રક્ષણ કરશે.

અમાસની રાત્રીએ અનન્યાએ પ્રકાશ જોયો. ૨૦૨૩ ના ઓગસ્ટની શ્રાવણી અમાસે અનન્યાએ સંકલ્પ કર્યો કે આજે રાત્રે બાર વાગ્યે હું ગર્ભગૃહમાં રહીશ. રાવળજીએ તેનો વિરોધ કર્યો. તેમણે કહ્યુંઃ ''બેટા, એક નિયમ છે કે રાત્રે ગર્ભગૃહ બંધ રહે છે. મહાદેવનો શૃંગાર કરવામાં આવે છે. કોઈ જોઈ શકતું નથી.''

''શા માટે રાવળજી? અંદર શું થાય છે?'' અનન્યાએ પ્રશ્ન પૂછ્યો. રાવળજીની આંખો આંસુઓથી છલકાઈ ગઈ. તેમણે કહ્યુંઃ ''હું ૪૦ વર્ષથી પૂજારી છું પણ બાર વાગ્યા પછી બહાર ચાલી જાઉં છું કારણ કે મહાદેવ પોતે સ્વયં આવે છે. ૧૯૭૫માં મેં એક વાર છૂપી રીતે જોયું હતું. મને સાત દિવસ સુધી તાવ આવ્યો હતો. મારી આંખોમાંથી લોહી નીકળતું હતું.'' અનન્યાએ સાંભળ્યું નહીં. તે સીસીટીવી કંટ્રોલ રૂમમાં સંતાઈ ગઈ. પડદા પર ગર્ભગૃહ દેખાતું હતું.

રાતના બાર વાગ્યા. મૌન. અચાનક શિવલિંગ ધ્રૂજવા લાગ્યું. જાણે અંદર ભૂકંપ આવ્યો હોય. ૧૨ - ૧ - ૩૦. શિવલિંગની જળાધારીમાંથી જ્યાં અભિષેક માટેનું પાણી વહે છે ત્યાંથી ભૂરા પ્રકાશનો લેસર નીકળ્યો. પાતળો પણ એટલો તેજસ્વી કે સ્ક્રીન સફેદ થઈ ગયો. ૧૨ - ૨ - ૪૫. પ્રકાશ સોનેરી થઈ ગયો. ગર્ભગૃહની દીવાલો પર સંસ્કૃત મંત્રો દેખાવા લાગ્યા આપોઆપ - હોલોગ્રામની જેમ. અનન્યાએ મહામૃત્યુંજય મંત્રોનો ઉચ્ચાર કર્યોઃ 'ત્ર્યંબકં યજામહે સુગંધિં પુષ્ટિવર્ધનમ્'... ૧૨.૧૪. એ પ્રકાશમાં એક આકૃતિ દેખાઈ. પંદર ફૂટ ઊંચી. જટાધારી, ત્રિશૂળ, ડમરુ, ગળામાં સાપ. સાક્ષાત્ મહાદેવ. તેમણે શિવલિંગની આસપાસ નૃત્ય કરવાનું શરૂ કર્યું. તેના પ્રત્યેક પગલે મંદિર હાલતું હતું પણ પડયું નહીં. અનન્યાના નાકમાંથી લોહી નીકળવા લાગ્યું. સ્ક્રીન જોતાં જ તે બેભાન થઈ ગઈ.

સવારે છ વાગ્યાનો ચમત્કારઃ અનન્યા વીસ વર્ષ નાની થઈ ગઈ. સવારે નવ વાગ્યે રાવળજીએ અનન્યાને ઉઠાડી. તે ગર્ભગૃહની બહાર પડી હતી. ''બેટા, તું અંદર કેવી રીતે આવી? આ શું... આ તારો ચહેરો...''

અનન્યા ઊભી થઈ. તેણે અરીસામાં જોયું. ૩૨ વર્ષની અનન્યા ૨૨ વર્ષની લાગતી હતી. કરચલીઓ ગાયબ થઈ ગઈ. આંખો નીચેનાં કાળાં કુંડાળાં ગાયબ થઈ ગયાં. વાળ કાળા અને ઘટ્ટ થઈ ગયા. તબીબી તપાસ થઈ. ડીએનએ ટેલોમેર્સ જે ઉંમર દર્શાવે છે તે દસ વર્ષ નાના થઈ ગયા હતા.

રાવળજી સમજી ગયા. ''તને મહામૃત્યુંજયની દીક્ષા મળી ગઈ. જે કોઈ અમાસની રાત્રે મહાદેવના નૃત્યને જુએ છે અને બચી જાય છે તે કાળ પર વિજય મેળવી લે છે.''

''પણ મેં માત્ર સ્ક્રીન પર જોયું છે''...

સ્ક્રીન પર પણ શ્રદ્ધાથી જોવું જરૂરી છે. તું વૈજ્ઞાનિક થઈને પણ શિવને શ્રદ્ધાથી જોવા આવી હતી. આથી કૃપા થઈ. બાકી, ૧૯૭૫માં મારો શિષ્ય પાગલ થઈ ગયો હતો.

ભીમશિલાનું રહસ્યઃ નાસા કેમ ગભરાયું? ૨૦૧૩ ની દુર્ઘટના પછી નાસાએ ભીમશિલાનો નમૂનો લીધો હતો. રીપોર્ટ ચોંકાવનારો છે. વાત બહાર આવી. શિલા ગ્રેનાઈટની નથી. એ એરોજેલ + ટાઈટેનિયમનું મિશ્રણ છે, જે ૨૦૨૩માં લેબોરેટરીમાં બન્યું એ એક હજાર વર્ષ પહેલાં કેવી રીતે? અને શિલાના કંપન - ૭.૩ HZI ધરતીના દિલની ધડકન. મતલબ ભીમશિલા જીવિત છે. જે મંદિરનું રક્ષણ કરી રહી છે. કારણ કે શિવલિંગ સાથે જોડાયેલી છે. જેમ કે વાઈ - ફાઈ.

અનન્યાએ સ્પષ્ટ કર્યુંઃ ''કેદારનાથ મંદિર એક પાવર પ્લાન્ટ છે. શિવલિંગ રીએક્ટર. ભીમશિલા કૂલિંગ ટાવર. મંદાકિની મોડરેટર. અને બાર જ્યોતિર્લિંગ મળીને ભારતનું પ્રાચીન ઊર્જા કેન્દ્ર બને છે. ૨૦૨૫ની શિવરાત્રીએ આખી દુનિયાએ એ રોશની જોઈ. ૨૦૨૫ની ફેબ્રુઆરીમાં મહાશિવરાત્રીએ ઈસરોએ કેદારનાથથી જીવંત પ્રસારણ કરવાની પરવાનગી આપી. રાતે બાર વાગ્યા. ૧૪૦ કરોડ લોકો ટીવી પર જોઈ રહ્યા હતા. પંડિતોએ જેવો હર હર મહાદેવનો નાદ કર્યો કે ભૂરો સોનેરી પ્રકાશ નીકળ્યો. આ વખતે કેમેરામાં એ ઝડપાઈ ગયો. કારણ કે ઈસરોએ આ વખતે કવાંટમ કેમેરા મૂક્યા હતા, જે ચેરેંકોવ રેડીએશન ઝડપી લે! આખી દુનિયાએ જોયું. નાસાએ ટવીટ કર્યુંઃ હિમાલયમાં અદીઠ શક્તિના હસ્તાક્ષર હોવાનું જાણવા મળ્યું છે. બીજા દિવસે કેદારનાથના જળની માંગ વધી ગઈ. લોકો કહેવા લાગ્યા : ''આ તો અમૃત છે.''

> સૌથી ચોંકાવનારી વાત તો એ હતી કે રાત્રે બારથી ત્રણ વાગ્યાની વચ્ચે કિરણોત્સર્ગ ૧૫ માઈક્રોસિવર્ટ સુધી પહોંચી જતું હતું અને એ જ વખતે શિવલિંગમાંથી લીલા-સોનેરી પ્રકાશનાં પાતળાં કિરણો નીકળ્યાં, જે નરી આંખે જોઈ શકાતાં હતાં. જાણે શિવલિંગ શ્વાસ લઈ રહ્યું હોય



રહસ્યનું વિજ્ઞાન - મહાદેવનો પવિત્ર 5જી પ્લાન.

અનન્યા હવે ડીઆરડીઓ છોડીને 'કેદારનાથ રીસર્ચ ફાઉન્ડેશન' ચલાવે છે. એ જણાવે છેઃ

૧. શિવલિંગ સ્વયંભૂ નથી. વજ્ર-શિલા + પારો + સોમરસનું રીએક્ટર. પારો - સુપર કંડક્ટર.

૨. જલાભિષેકઃ પાણી નાખવાથી કોલ્ડ ફ્યુઝન થાય છે. H2O + Hg = H-3 ટ્રાઈટિયમ + ઊર્જા = રોશની.

૩. બીલીપત્રઃ એમાં એગેલિન હોય છે જે રેડીએશન શોષી લે છે આથી ચઢાવાય છે. જે રાત ૧૨-૩ બ્રહ્મમુહૂર્ત + કોસ્મિક રે મેક્સિમમ રીએક્ટર પીક પર.

૪. ૐ ધ્વનિઃ ૪૩૨ H21 એ ફ્રિક્વન્સી પાણીના અણુને એલાઈજિન કરે છે. ફ્યુઝન સરળ બને છે.અર્થાત્ આપણા પૂર્વજો ન્યૂક્લિયર ફિઝિક્સ બહુ જાણતા હતા પણ તેમણે એને 'ધર્મ' બનાવી દીધો, જેથી સામાન્ય લોકો એનો દુરુપયોગ ન કરે. કેવળ નિષ્કામ ભકત જ ફાયદો મેળવી શકે.

છેલ્લી ચેતવણીઃ પ્રકાશ કેવો દેખાય? હવે ૮૭ વર્ષના રાવળજી કહે છેઃ ''બેટા, ૨૦૨૩ પછી દર અમાસે પ્રકાશ દેખાય છે પણ બધાને નહીં.

જેઓ અહંકારથી આવે છે તેને દેખાશે નહીં. કેમેરામાં પણ નહીં. જે પૈસા કમાવાના હેતુથી આવશે તે બીમાર પડશે. જે 'બાબા હું પ્રસિદ્ધ થઈ જાઉં' એમ વિચારીને આવશે તે પાગલ થઈ જશે પણ જે આંસુ લઈને આવશેઃ હે ભોળાનાથ, હું હારી ગયો છું એવી વ્યથા - આંસુ લઈને આવશે તેને દેખાશે અને એક ટીપું જળ પણ મળી જશે તો જિંદગી બદલાઈ જશે.''

અનન્યાએ પૂછ્યું : ''રાવળજી, આપે કેમ એ અમૃત ન પીધું?'' રાવળજી હસ્યાઃ ''હું પૂજારી છું, માલિક નથી. મહાદેવની મારી ફરજ છે. અમર થઈને શું કરીશ? મારી તો એટલી જ ઈચ્છા છે કે જ્યારે મારું મૃત્યુ થાય ત્યારે મહાદેવ સ્વયં મને તારક મંત્ર આપે - જેમ મણિકર્ણિકામાં આપે છે.''

આખી વાતનો સાર એ છે કે શિવલિંગ પથ્થર નથી, યંત્ર છે, પ્રાચીન ઊર્જા કેન્દ્ર. રોશની ચમત્કાર નહીં, વિજ્ઞાન છે.., કોલ્ડ ફ્યુઝન + ચેરેંકોવ રેડીએશન. આ શ્રદ્ધા એનો પાસવર્ડ છે. અહંકારીને કંઈ નથી દેખાતું. ભકતને અમૃત મળે છે. કેદારનાથ = કૈલાસનો પાવર હાઉસ.., ૧૨ જ્યોતિર્લિંગની ઊર્જાનો મુખ્ય ભાગ.

આ કથા કેદારનાથની માન્યતાઓ, ડીઆરડીઓ રિસર્ચ, શિવપુરાણ અને વૈજ્ઞાનિક થિયરીનો સમન્વય છે. શિવલિંગ પર સંશોધન ચાલુ છે. શ્રદ્ધા અને વિજ્ઞાનનું સંતુલન જરૂરી છે.

(સોશિયલ મીડિયાના આધારે સાભાર - ભાવાનુવાદ)

---

॥ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ॥

લેખાંક-૬૯

# મુરલીધર શ્રીકૃષ્ણ

**અધ્યાત્મ દર્શન**
અનુપ શાહ

એક વખત આસોન્દ્રાનાં વૃક્ષોને ધરાશાયી કરી દેનાર બાળકૃષ્ણ, બળરામ અને અન્ય બાળકો સાથે યમુના કિનારે ગયા. ત્યાં તેમનાથી વરિષ્ઠ મધુમંગલ નામનો એક મિત્ર વાંસળી વગાડી રહ્યો હતો. કનૈયાએ તેને કહ્યું કે મને તારી વાંસળી આપ મારે શીખવી છે અને વગાડવી છે. ત્યારે મિત્રે કહ્યું કે મારી પાસે આ એક જ વાંસળી છે. હું તને જંગલમાંથી વાંસ કાપીને નવી વાંસળી બનાવી આપીશ.

જંગલમાં ફરતાં ફરતાં લાલાએ મિત્રને વાંસ બતાવ્યો. મિત્ર તે વાંસને કાપવા ગયો તો જોયું કે ત્યાં તો પહેલેથી જ કોઈ વાંસળી મૂકી ગયું હતું. મિત્રને આશ્ચર્ય થયું અને લાલાને કહ્યું કે, ''જો તારા માટે તો અહીં કોઈ પહેલેથી જ વાંસળી મૂકી ગયું છે. ચાલ હવે હું તને વાંસળી વગાડતા શીખવાડું.'' લાલાએ તરત જ વાંસળી હોઠ પર મૂકી મધુર સ્વર કાઢ્યો. મિત્રને આશ્ચર્ય થયું કે આવો સ્વર કાઢતા તો મને પણ નથી આવડતું. અહીંથી જ તેઓ 'મુરલીધર' તરીકે પ્રસિદ્ધ થયા. શ્રીકૃષ્ણ, રાધાજી તથા અન્ય ગોપ-ગોપીઓને પાસે બેસાડીને વાંસળી વગાડતા અને તેના સુંદર ધ્વનિથી જીવોને આકર્ષિત કરતા હતા. આજે પણ મોરલીના મધુર નાદ વડે તેઓ જીવોને પોતાની પાસે બોલાવે છે પણ કામ, ક્રોધ, મોહ વગેરે વિષય મોહમાં ફસાયેલો મનુષ્ય એ ધ્વનિ સાંભળી શકતો નથી.

એક વખત બાળકૃષ્ણ મિત્રો સાથે રમવામાં મશગુલ હતા. સાથે બળરામ (બળભદ્ર, બળદેવ, દાઉ) પણ હતા. રમતાં રમતાં સાંજ પડવા આવી હતી એટલે તેમને રોહિણી બોલાવવા ગયાં પરંતુ રમતમાં આસક્ત બંને પુત્રો બોલાવવા છતાં નહિ આવ્યા. ત્યારે રોહિણીએ પુત્રો પર પ્રેમ રાખવાવાળા યશોદાજીને મોકલ્યાં. પુત્ર પરના સ્નેહથી ધાવણ ઝરતા સ્તનવાળા યશોદાજી બંનેને બૂમ પાડી કહેવા માંડ્યા કે, “ચાલો દીકરાઓ હવે રમવાનું બંધ કરો. હવે થાકી ગયા હશો. ભૂખ લાગી છે ને? ચાલો દૂધ પી લો.” બાળકૃષ્ણે ઉત્તર નહિ આપ્યો એટલે બળરામને બોલાવવા માંડ્યા.

“તું તારા નાના ભાઈ સાથે જલ્દી આવ. તે છેક સવારમાં ખાધું છે. હવે તારે પણ દૂધ પી લેવું જોઈએ. તમારા પિતા (નંદ મહારાજ) પણ ભોજનના પાત્ર પર બેસીને તમારી પ્રતીક્ષા કરી રહ્યા છે. તેમને ભોજન કરવાનું બાકી છે અને તમે આવો પછી જ તેઓ ભોજન કરશે”.

જ્યારે બાળકૃષ્ણ અને બળરામે સાંભળ્યું કે પિતાજી એમની પ્રતીક્ષા કરી રહ્યા છે અને અમારા વગર ભોજન કરવાના નથી કે તરત તેઓ રમવાનું બંધ કરી ઘર તરફ આવવા માંડ્યા અને ત્યારે રાધાજી સાથેના મધુર સંબંધના કારણે ઈર્ષા કરતા કેટલાંક ગોપ-ગોપીઓ એમના પર ગુસ્સે થયાં અને કહેવા લાગ્યા કે, “જ્યારે આપણી રમત ચરમસીમા પર છે અને તમારે દાવ આપવાનો છે, ત્યારે જ તમે અમને છોડીને જઈ રહ્યા છો. બીજી વાર અમે તમને નહિ રમાડીએ”.

બાળકૃષ્ણ ડરી ગયા અને ફરીથી તે બાળકો સાથે રમવા માંડ્યા. આ જોઈને માતા યશોદા, તે તમામ બાળકોને બરાબર ખીજવાયાં અને બાળકૃષ્ણને



કહ્યું, “શું તું રસ્તે ચાલતો બાળક છે? શું તારું ઘર નથી? ચાલ ઘરે ચાલ. સવારથી રમી રમીને જો તારું શરીર કેવું ગંદું થઈ ગયું છે? ચાલ ઘરે જઈને પહેલા સ્નાન કરી લે. આજે તારો જન્મદિન છે. ઘરે જઈને તારા જન્મદિવસની ઉજવણીમાં તારે બ્રાહ્મણોને ગાય દાનમાં આપવાની છે. જુઓ તમારા આ મિત્રોને એમની માતાઓએ કેવા નવડાવ્યા ધોવડાવ્યા છે? કેવા સારી રીતે શણગાર્યા છે? માટે તું પણ સ્નાન કરીને, દૂધ પીને સરસ વસ્ત્રો અને અલંકારો પહેરીને તૈયાર થઈ જજે અને પછી પાછો રમવા જજે ”.

આ રીતે માતા યશોદાજી, ભગવાનના અવતાર એવા બંનેને ઘરે લઈ આવ્યા. હજી પણ તેઓ બાળકૃષ્ણને પોતાના નટખટ પુત્ર તરીકે જ માની રહ્યા હતા.

જ્યારે બાળકૃષ્ણ અને બળરામ ઘરે આવ્યા તો માતા યશોદાએ એમને સારી રીતે નવડાવીને આભૂષણો અને સુંદર વસ્ત્રો પહેરાવ્યાં. પછી તેમણે બ્રાહ્મણોને બોલાવ્યા અને શ્રીકૃષ્ણના જન્મદિવસ પર એમના હાથો વડે અનેક ગાયોનું દાન કરાવ્યું. આ પ્રમાણે બાળકૃષ્ણનો જન્મદિવસ ઘર પર ખૂબ પવિત્ર રીતે મનાવ્યો.

> જ્યારે બાળકૃષ્ણ અને બળરામે સાંભળ્યું કે પિતાજી એમની પ્રતીક્ષા કરી રહ્યા છે અને અમારા વગર ભોજન કરવાના નથી કે તરત તેઓ રમવાનું બંધ કરી ઘર તરફ આવવા માંડ્યા અને ત્યારે રાધાજી સાથેના મધુર સંબંધના કારણે ઈર્ષા કરતા કેટલાંક ગોપ-ગોપીઓ એમના પર ગુસ્સે થયાં અને કહેવા લાગ્યા કે, જ્યારે આપણી રમત ચરમસીમા પર છે અને તમારે દાવ આપવાનો છે, ત્યારે જ તમે અમને છોડીને જઈ રહ્યા છો. બીજી વાર અમે તમને નહિ રમાડીએ

આજે પાંચ હજાર વર્ષ કરતાં પણ વધુ સમય વ્યતિત થઇ ગયો. આજે પણ શ્રીબાળકૃષ્ણનો આ જન્મદિવસ આપણે પવિત્ર 'જન્માષ્ટમી' તરીકે ઉજવીએ છીએ. આ જગતમાં ભગવાને જે પદાર્પણ કર્યું તેનો મહોત્સવ કરીએ છીએ અને આ જન્મોત્સવ દર વર્ષે એક નવો જ સંદેશ આપે છે. જેમાં ગાયોની પૂજાનું ખૂબ જ મહત્ત્વ છે. આ પૂજા દ્વારા આપણે પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરીએ છીએ. આ સાથે જ આ ઉત્સવમાં ઉપવાસ અને સત્સંગનું પણ ખૂબ મહત્ત્વ છે. 'ઉપ' એટલે સમીપ અને 'વાસ' એટલે રહેવું. આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણના સાન્નિધ્યમાં જ રહેવું તેવો અર્થ ઉપવાસનો છે. આની સાથે જ સત્સંગ પણ કરવાથી વિવેક મળે છે. સત્સંગ કરવાથી અંદરની આંખ ખૂલે છે. ભગવાનના ઉત્સવના દિવસે ભગવાનની સેવામાં, સ્મરણમાં અને દર્શનમાં ભૂખ-તરસ વગરે ભુલાઈ જાય, ફરાળ પણ યાદ નહિ આવે તો જ ઉત્સવ સફળ બને છે અને આ પ્રકારના 'ઉપવાસ'માં જે દેહનું પણ ભાન ભૂલે છે તેને જ દેવના દર્શન થાય છે.

કૃષ્ણ પક્ષના વક્રી ચંદ્રની માફક એક પગ પર ભાર દઈને અને બીજો પગ ત્રાંસો રાખીને, શરીરની આવી મોહક અદા સાથે, મુરલીધર શ્રીકૃષ્ણે જે દિવસે આ સંસારમાં પગ મૂક્યો, ત્યારથી નિરાધાર મનુષ્યને આશ્વાષિત કર્યા છે કે 'જ્યાં પાપ છે ત્યાં પાપનો નાશ કરનાર પરમાત્મા પણ છે'. આ વિશ્વાસ જેનામાં છે, જે સન્માર્ગે ચાલે છે, જે ધર્મને વળગી રહે છે, એની કોઈ પણ કાળે દુર્ગતિ થતી નથી.

(ક્રમશઃ)